


વાંચો પેજ નં. 3

RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઇન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 11 June 2024, Tuesday | Page : 10 | Year : 1 | Issue : 201 | Price: 2/-

# મોદી સરકાર 3.0: તમામ મંત્રીઓને ખાતા ફાળવાયા





## શાહ, રાજનાથ, ગડકરી, નિર્મલા, જયશંકરના મંત્રાલય રિપીટઃ પાટીલને જળશક્તિ, માંડવિયાને શ્રમ-રોજગાર, ચિરાગ પાસવાનને રમતગમત, શિવરાજને કૃષિ, મનોહર લાલ ખટ્ટરને ઊર્જા મંત્રાલય

ભારત હેડલાઈન, તા.૧૦

મોદી સરકારનાં ખાતાંનું વિતરણ સોમવારે સાંજે સાડા છ વાગ્યે કરવામાં આવ્યું. અમિત શાહને ફરીથી ગૃહમંત્રી, રાજનાથ સિંહને સંરક્ષણમંત્રી, નીતિન ગડકરીને માર્ગ અને પરિવહનમંત્રી બનાવવામાં આવ્યા છે. એસ જયશંકર વિદેશ મંત્રાલયમાં જ રહેશે. શિવરાજ સિંહને કૃષિ મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી છે. મનોહર લાલ ખટ્ટરને ઊર્જા વિભાગ આપવામાં આવ્યો છે. નીતિન ગડકરીની સાથે રાજ્યના બે મંત્રી પણ હશે. અજય ટમ્ટા અને હર્ષ મલ્હોત્રાને માર્ગમંત્રી અને પરિવહન રાજ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. શપથગ્રહણ બાદ ૨૩:૩૦ કલાકે ખાતાંની વહેંચણી કરવામાં આવી. અગાઉ ૨૦૧૯માં ૧૮ કલાક અને ૨૦૧૪માં ૧૫.૩૦ કલાકનો સમય લાગ્યો હતો. રવિવારે મોદીની સાથે ૭૧ મંત્રીએ શપથ લીધા હતા. જેમાં ૩૦ કેબિનેટ મંત્રી અને ૫ સ્વતંત્ર પ્રભારી મંત્રી અને ૩૬ રાજ્ય મંત્રી સામેલ છે.

## નરેન્દ્ર મોદી (વડાપ્રધાન)

કર્મચારીઓ, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય, ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી, અંતરિક્ષ વિભાગ, તમામ મહત્ત્વપૂર્ણ નીતિગત મુદ્દાઓ અને અન્ય તમામ વિભાગો કે જે કોઈ પણ મંત્રીને ફાળવવામાં આવ્યા નથી.

## ૩૦ કેબિનેટ મંત્રીઓમાં કોને ક્યું ખાતું ફાળવાયું?

| | | |
|---|---|---|
| ૧. | રાજનાથ સિંહ | સંરક્ષણ પ્રધાન |
| ૨. | અમિત શાહ | ગૃહમંત્રી અને સહકાર મંત્રી. |
| ૩. | નિતિન ગડકરી | માર્ગ પરિવહન મંત્રી |
| ૪. | જગત પ્રકાશ નડ્ડા | આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી અને રસાયણ |
| ૫. | શિવરાજસિંહ | કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી |
| ૬. | નિર્મલા સીતારમણ | નાણાંમંત્રી |
| ૭. | એસ. જયશંકર | વિદેશ મંત્રી |
| ૮. | મનોહર લાલ | આવાસ અને શહેરી બાબતોનાં મંત્રી અને ઊર્જા મંત્રી. |
| ૯. | HD કુમારસ્વામી | ભારે ઉદ્યોગ મંત્રી, સ્ટીલ મંત્રી |
| ૧૦. | પિયુષ ગોયલ | વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી |
| ૧૧ | ધર્મેન્દ્ર પ્રધાન | શિક્ષણ મંત્રી |
| ૧૨. | જીતનરામ માંઝી | લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી |
| ૧૩. | રાજીવ રંજનસિંહ | પંચાયતી રાજ મંત્રી |
| ૧૪. | સર્બાનંદ સોનોવાલ | પોર્ટ, જહાજ-જળમાર્ગ મંત્રી |
| ૧૫. | ડો. વીરેન્દ્ર કુમાર | સામાજિક ન્યાય-અધિકારીતા |
| ૧૬. | રામમોહન નાયડુ | નાગરિક ઉડ્ડયન મંત્રી |
| ૧૭. | પ્રહલાદ જોશી | ઉપભોક્તા બાબતો |
| ૧૮. | જુઆલ ઓરામ | આદિજાતિ બાબતોના મંત્રી |
| ૧૯. | ગિરિરાજ સિંહ | કાપડ મંત્રી |
| ૨૦. | અશ્વિની વૈષ્ણવ | રેલવે મંત્રી, માહિતી-પ્રસારણ |
| ૨૧. | જ્યોતિરાદિત્ય સિંધિયા | સંચાર મંત્રી |
| ૨૨. | ભૂપેન્દ્ર યાદવ | પર્યાવરણ મંત્રી |
| ૨૩. | ગજેન્દ્ર શેખાવત | સાંસ્કૃતિક અને પ્રવાસન મંત્રી. |
| ૨૪. | અન્નપૂર્ણા દેવી | મહિલા અને બાળ વિકાસ મંત્રી |
| ૨૫. | કિરેન રિજિજુ | સંસદીય બાબતોના મંત્રી |
| ૨૬. | હરદીપ સિંહ પુરી | પેટ્રોલિયમ-કુદરતી ગેસ મંત્રી |
| ૨૭. | મનસુખ માંડવિયા | શ્રમ અને રોજગાર મંત્રી |
| ૨૮. | જી. કિશન રેડ્ડી | કોલસા મંત્રી અને ખાણ મંત્રી |
| ૨૯. | ચિરાગ પાસવાન | ફુડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ મંત્રી |
| ૩૦. | સી.આર.પાટિલ | જળશક્તિ મંત્રી |



## ડેરી માલિકની વાતો ગળે ઉતરે એવી ના હોય, ઘણાં પ્રશ્નોનો ઉદભવ

# કૃષ્ણ ડેરી ફાર્મમાં ખાદ્યચીજોનું નિયમ વિરૂદ્ધનું બેફામ વેંચાણ!?

## આઈસ્ક્રીમ, કોન, કુલ્ફી, લસ્સી અને અન્ય ખાદ્યચીજોના ગ્રાહકો પાસેથી બમણા ભાવ વસૂલવા પેકિંગમા ઉત્પાદન, તારીખ, બેચ નંબર, એક્સ્પાયરી ડેટ અને કિંમત ન દર્શાવાતી હોવાની ચર્ચા

### આરોગ્ય વિભાગ આ બાબતે તટસ્થ તપાસ કરી ત્વરિત દંડનાત્મક કામગીરી કરે એવી લોકમાંગ

ભારત હેડલાઈન, તા.૧૦

રાજકોટમાં સ્વામી નારાયણ ચોક, મવડી ખાતે આવેલ કૃષ્ણ ડેરી ફાર્મમાં વિવિધ પ્રકારની આઈસ્ક્રીમ, કોન, કુલ્ફી, લસ્સી તેમજ વિવિધ પ્રકારની આઈટમોનું વેંચાણ કરવામાં આવી રહ્યું છે. તેમા ઉત્પાદન તારીખ, બેચ નંબર, એક્સ્પાયરી તારીખ, કિંમત દર્શાવ્યા વગર મન પડે તેવા ભાવે ગ્રાહકો પાસે ડેરીમા ઉપલ્બ્ધ ચીજ વસ્તુના બમણા ભાવ લઈ વસૂલ કરવામાં આવી રહ્યાની બૂમ ઉઠી છે. રાજકોટ મહાનગરપાલિકા ફૂડ વિભાગની ટીમ તથા એફએસડબલ્યુ વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન શહેરમાં આવેલા ખાદ્યચીજોનું વેંચાણ કરતાં ધંધાર્થીઓને લાઈસન્સ બાબતે સૂચનાઓ અવાર-નવાર આપવામાં આવતી હોવા છતાં પણ રંગીલા રાજકોટની કહેવાતી કૃષ્ણ ડેરી ફાર્મ દ્વારા લાયસન્સ હોવા ઉપરાંત પણ તેમની ડેરીમાં વિવિધ પ્રકારની આઈસ્કીમ, કોન, કુલ્ફી, લસ્સી તેમજ વિવિધ પ્રકારની આઈટમોનું વેંચાણ કરવામાં આવે છે. તેમાં ઉત્પાદન તારીખ, બેચ નંબર, એક્સ્પાયરી તારીખ, કિંમત વગર મન પડે તેવા ભાવે પ્રજા પાસે ડેરીમા ઉપલ્બ્ધ ચીજ વસ્તુના બમણાભાવ પણ ગ્રાહકો પાસેથી વસૂલ કરવામાં આવે છે. ડેરી માલિકને આ બાબતે પૂછવામાં આવતા એમણે જણાવ્યું હતું કે, એમ પાસે લાયસન્સ તો છે જ.. બસ ટિંગાડવાનું જ બાકી છે.. હવે અમો તમામ આઈટમ નિયમ અનુસાર જ વેંચીએ છીએ... ગળે ન ઉતરે એવી ડેરી માલિકની વાતોથી ઘણાં પ્રશ્નો ઉદભવે છે. આરોગ્ય વિભાગ આ બાબતે તટસ્થ તપાસ કરી ત્વરિત દંડનાત્મક કામગીરી કરે એવું લોકો ઈચ્છી રહ્યાં છે.






# વર્ણીરાજ બટર મિલ્કનું ગેરકાયદે પેકિંગ કરવાનું મસમોટું કૌભાંડ




**'ભારત હેડલાઇન'ની ટીમે આ સ્થળની મુલાકાત લીધી હતી ત્યારે આશ્ચર્ય પમાડે એવી ઘણી ચોંકાવનારી વાતો સામે આવી**

**કોમર્શિયલ યુનિટ માટે રહેણાંક મકાનમાંથી વીજળી માટે કાચું દોરડું ખેંચી કરાઈ રહ્યો છે ઉપયોગ**

**લોકોના આરોગ્ય સામે ખતરા સમાન, લાયસન્સ વગર ચાલતું બેરોકટોક પેકિંગ**

**લાયસન્સમાં જે સ્થળ દેખાડવામાં આવ્યું છે ત્યાં આવું કોઈ યુનિટ નથી**

**ગામડામાં એક નળિયાવાળા મકાનમાં થઈ રહ્યું છે પેકિંગ**

ભારત હેડલાઇન, તા.૧૦

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના ગોકલાણા ગામે વર્ણીરાજ બટર મિલ્કનું બિન કાયદેસર પેકિંગ કરવાનું મસ મોટું કૌભાડ સામે આવ્યું છે.

લોકોના આરોગ્ય સાથે કરાતા ચેડાથી લોકોમાં રોષ પ્રવર્તી રહ્યો છે. વર્ણીરાજ બટર મિલ્કનું બિન કાયદેસર પેકિંગથી વેંચાતી છાસથી જાહેર આરોગ્ય જોખમમાં મુકાયું છે. જ્યારે 'ભારત હેડલાઈન'ની ટીમે આ સ્થળની મુલાકાત લીધી હતી ત્યારે આશ્ચર્ય પમાડે એવી ઘણી ચોંકાવનારી વાતો સામે આવી હતી. બિન નિયમાનુસાર વેંચાતી આ છાસ માટે માર્ચ ૨૦૨૩ માં લાયસન્સ પૂરું થવામાં આવેલ છે હજુ સુધી આ પેઢીને લાયસન્સ રીન્યુ થયેલ નથી. લાયસન્સમાં જે સ્થળ દેખાડવામાં આવ્યું છે ત્યાં આવું કોઈ યુનિટ નથી. આ કામ ગામડામાં એક નળિયા વાળા મકાનમાં થઈ રહ્યું છે અને આ સ્થળે ફાયર સેફ્ટીના કોઈ સાધનો તો નથી જ પરંતુ આ જગ્યાએ આસપાસના રહેણાંક મકાનમાંથી વીજળી માટે કાચું દોરડું ખેંચી ઉપયોગ કરાઈ રહ્યો છે. કોમર્શિયલ યુનિટ માટે વપરાતી વીજળી બાજુના રહેણાંક માંથી વપરાઈ છે તે વાતથી વીજ તંત્ર પણ અજાણ છે. આ વીજ કનેક્શન જ્યાંથી લેવામાં આવ્યું છે ત્યાં વીજ કર્મચારી ભાડે રહેતો હોવાનું સામે આવ્યું છે. આ સ્થળેથી છેલ્લા એક વર્ષથી કોઈપણ જાતના નીતિ નિયમો કે ફાયર, મેન્યું ફેક્ચર કે એકસ્પાયારી ડેટ દર્શાવ્યા વગરનું પેકિંગ કરાઈ રહ્યું છે. આવા ઉત્પાદક સામે કાર્યવાહી કરવા માંગ ઉઠી છે. લોકોના આરોગ્ય સાથે ચેડા કરાતા હોવાનું સામે આવ્યું છે. વર્ણીરાજ બટર મિલ્ક છાશથી જાહેર આરોગ્ય જોખમમાં મુકાશેની ગંભીરતા દર્શાવી ઉત્પાદક સામે કાર્યવાહી કરવા માંગ ઉઠવા પામી છે.

**આરોગ્ય વિભાગને છેલ્લા એક સપ્તાહથી આ પ્રકરણે અરજી કરાયેલ હોવા છતાં કેમ મૌન?**

આવી છાશ પીવાથી આરોગ્ય જોખમમાં હોવાનું અનુભવેલ અરજદારે રાજકોટ ગ્રામ્યના ફુડ સેફ્ટી વિભાગના ઈન્સ્પેકટરની લેખિત રજૂઆતમાં જણાવ્યું હતું કે, અમો સામાજિક કામ સબબ અમરેલી જઈ રહ્યા હતાં તે દરમ્યાન બાબરા અમરેલી ચોકડી પાસે ચા-પાણી પીવા માટે અને વિરામ માટે રસ્તામાં રોકાયેલ હોય અને પુજા રેસ્ટોરેન્ટમાં અમોએ નાસ્તો કરેલ. જેમાં રેસ્ટોરેન્ટમાં ઉક્ત કંપનીની વેંચાણ થતી છાશનો જથ્થો પુરો થઈ ગયેલ તેની આજુબાજુમાં રહેલ નાસ્તાની રેકડીઓ માંથી આ છાશનું વેંચાણ થાય છે જે જગ્યાએ છાસના બે પેકીંગ લીધા અને તેમાંથી એક છાશનુ પેકીંગ ખરાબ નીકળેલ તે અમોએ સ્થળ પર ફેંકી દીધલ અને બીજી છાશના પેકીંગની છાશ પીવાથી અમોને ફુડ પોઈઝનીંગની અસર પણ થયેલ છે.

તો આ અંગે સનાતન ડેરી ફાર્મ , રામાણી શેરી, ગોકુલ ચોક ,મું. ગોખલાણા, તાલુકો જસદણ, જિ.રાજકોટ વાળાએ FSSAI Lic .No 10720019000098 લીધેલ છે. તે લાયસન્સ અન્વયે ખાધ ચીજ વસ્તુઓ ઉત્પાદન કરતી વર્ણીરાજ બટર મિલ્ક છાશના ઉત્પાદક તેમની કંપની માંથી છાશની પેકીંગમાં ઉત્પાદન તારીખ અને એક્સ્પારીય તારીખ છાપ્યા વગરની જાહેરમાં છાશ વેંચી આસપાસની જાહેર જનતાનું આરોગ્ય જોખમમાં મુકે છે અને આ પેકીગમાં છાપેલ કસ્ટમર કેર નંબર ૯૮૨૪૧ ૩૦૩૩૨, ૯૭૨૪૪ ૨૮૨૪૪ ઉપર ફોન કરતા તેઓએ જણાવ્યુ હતુ કે અમો આ કંપની માંથી છુટા થઇ ગયેલ છીએ અને આ બાબતે હું કાઈ જાણતો નથી તેમ જણાવેલ. તો આ અંગે ઉકત બાબતે મને આ કંપનીના ઉત્પાદકો અને વિક્રેતા જાણી જોઈને પ્રજાના જાહેર આરોગ્ય સાથે ચેડાં કરતા તેવું જણાઈ આવે છે. તો ઉકત કંપની સામે ફોજદારી કાર્યવાહી કરવા વિનંતી. અને સાથે મુદ્દામાલ પેટે વર્ણીરાજ બટર મિલ્કની છાશનું પેકીંગ જમા કરીએ છે. વર્ણીરાજ બટર મિલ્ક જે લોકો પેકિંગ કરી રહ્યાં છે તે લોકોએ પણ સ્વીકાર્યું હતું કે હા, અમો આવું કામ કરી રહ્યા છીએ.

# રાજકોટથી વાંકાનેર, થાન અને સુરેન્દ્રનગર ટ્રેન બાબતે રાજકોટ રેલવે ડિવિઝનને કરાઈ રજૂઆત

## જામનગરથી જો કોઈ ટ્રેનને બ્લોક અવરોધરૂપ નથી તો રાજકોટથી શા માટે ટ્રેન બંધ કરાઈ ?

ભારત હેડલાઈન, તા.૧૦

તા.૯ જૂનથી ૨૮ જૂન સુધી પડધરી, ખંઢેરી સ્ટેશન પર ડબલ ટ્રેકનું કામ ચાલુ હોવાથી અમુક ટ્રેનોને રદ કરવામાં આવવાની છે. રાજકોટ જંક્શન ડબલ ટ્રેકનું કાર્ય ૨ વર્ષથી પૂર્ણ થઈ ચૂક્યું છે અને રોજ ટ્રેનો એ ટ્રેક પર જ આવે છે. રાજકોટથી વાંકાનેર, થાન અને સુરેન્દ્રનગર જંક્શનને જોડતી રોજની એક જ મુખ્ય ટ્રેન છે. ૨૨૯૬૦/૨૨૯૫૯ જામનગર - વડોદરા ઈન્ટરસિટી આ ટ્રેન (૨૨૯૬૦/૨૨૯૫૯) ૨૮ જૂન સુધી રાજકોટથી બંધ કરી સુરેન્દ્રનગર સુધી બંધ રાખવામાં આવી છે. જ્યારે ટ્રેન નં ૨૨૯૨૬/૨૨૯૨૬ અમદાવાદ વંદે ભારત જે જામનગર (ખંઢેરી, પડધરી પહેલા) થી સવારે ૫:૩૦ વાગ્યે ઉપડે છે તો એ ટ્રેન બંધ નથી કરવામાં આવી. અને જે ટ્રેન રાજકોટથી ૬ વાગ્યે ઉપડે છે જે સામાન્ય લોકોની જીવાદોરી છે એ ટ્રેન ૨૦ દિવસ માટે શા માટે બંધ કરવામાં આવેલ છે. રાજકોટ રેલવેના વિકાસ કામોમાં અવરોધ લાવવાની વાત નથી. મુદ્દો એ છે કે જામનગરથી જો કોઈ ટ્રેનને બ્લોક અવરોધરૂપ નથી તો રાજકોટથી શા માટે એવી ટ્રેન બંધ કરવામાં આવે. જેમાં સામાન્ય માણસો રોજ આવે જાય છે. વંદે ભારત જેની અમદાવાદની ટીકીટ ૧૦૦૦ રૂપિયા આજુબાજુ છે અને ૨૨૯૬૦/૨૨૯૫૯ ઈન્ટરસિટી જે તમામ પ્રજાને અનુકૂળ ટ્રેન છે. રાજકોટથી વાંકાનેર, થાન અને સુરેન્દ્રનગર રોજની આ એક જ ટ્રેન છે. બાકી બધી ટ્રેનોના સમય પ્રતિકૂળ હોવાથી લોકો નથી જઈ શકતા. જે લોકલ ટ્રેન ઓખા વિરમગામ કોરોના કાળમાં બંધ કરવામાં આવી હતી તે હજારો અરજીઓ કરવા છતાંય નથી ચાલુ કરવામાં આવી. કોઈ ધારાસભ્ય, સાંસદ સભ્ય કોઈ પદાધિકારી આ બાબત પર નથી ચર્ચા કરતું કે નથી કોઈને પ્રજાની તકલીફ જાણવી. મોહનભાઈ કુંડારિયાને ઘણી વખત રૂબરૂ અરજી



આપવા છતાં બસ હા થઈ જશે હા હમણાં વાત કરૂ છું. બસ આવા જવાબ આપીને ૫ વર્ષ કાઢી નાખ્યા. કોઈ પત્રકાર મિત્ર આ દિશામાં નથી વિચારતા. રોડ પરિવહનના એક્સિડન્ટ ઓછા થઈ શકે. જો આ ટ્રેનોને ચલાવવા માં આવે. આ બાબત ખૂબ અગત્યની છે. વિકાસ કામ ચાલુ છે સારી વાત છે. પરંતુ ગમે ત્યારે ૧૫ થી ૨૦ દિવસ એક જ ટ્રેન છે. બાકી લોકલ ટ્રેન તો ચાર વર્ષથી બંધ કરી દીધી છે. સાંસદ મોહનભાઈ કુંડારિયા અને રામભાઈએ તો ફોટા પણ પડવાયા હતા કે હમણાં લોકલ ટ્રેન અને બીજી ૬ ટ્રેન નવી રાજકોટ ડિવિઝનને મળે છે. હજુ સુધી એક પણ ટ્રેન ચાલું નથી.

# રાજકોટમાં ૧૧૫થી વધુ શાળા સીલ, મ્યુનિસિપલ કમિશનર દેસાઈને રજૂઆત

## સલામતીમાં બાંધછોડ કર્યા વિના વ્યવહારુ અભિગમ અપનાવવા માગ



ભારત હેડલાઈન, તા.૧૦

રાજકોટની TRP ગેમ ઝોન દુર્ઘટના બાદ મનપા દ્વારા શહેરની શાળા-કોલેજોમાં ફાયર NOC અને BU સર્ટિફિકેટ અંગે તપાસ કરવામાં આવી રહી છે. આ તપાસ દરમિયાન અત્યાર સુધી ૧૧૫થી વધુ શાળા સીલ કરી છે. આ પૈકી ૧૦૦ જેટલી શાળાઓ જરૂરી ફેરફાર માટે ખોલવાની છૂટ પણ આપવામાં આવી છે. પરંતુ ફેરફાર કર્યા બાદ ગઘઈ લેવામાં ખૂબ સમય લાગતો હોવાથી આજે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે આ અંગે મ્યુ. કમિશનરને રજૂઆત કરી હતી. જેમાં હાલ સલામતીમાં બાંધછોડ કર્યા વિના વ્યવહારૂ અભિગમ અપનાવવા માગ કરી હતી. ખાસ કરીને જે શાળાઓએ ઈન્પેક્ટ ફી ભરવા માટે એપ્લાય કર્યું હોય તેને શાળા શરૂ કરવાની છૂટ આપવા માગ કરી હતી. તેમજ ફાયર NOC માટેના જરૂરી ફેરફાર થઇ ચુક્યા હોય તેવી શાળાઓને સંચાલક અથવા પ્રિન્સિપાલની જવાબદારીએ ટેમ્પરરી NOC આપી ખોલવાની છૂટ આપવા માગ કરવામાં આવી હતી.

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ પ્રમુખ ડી.વી. મહેતાએ જણાવ્યુ હતું કે, હાલ તંત્ર દ્વારા ફાયર NOC અને BU સર્ટિફિકેટની તપાસ કરવામાં આવી રહી છે. જે ખરેખર સારી બાબત છે. અમે પણ સલામતી સાથે કોઈ બાંધછોડ કરવા માંગતા નથી. પરંતુ આ માટે થોડો વ્યવહારુ અભિગમ અપનાવવામાં આવે તે પણ જરૂરી છે. તંત્ર દ્વારા ૧૧૫થી વધુ શાળા સીલ કર્યા બાદ જરૂરી ફેરફાર કરવા માટે ૧૦૦ જેટલી શાળાનાં સીલ ખોલી આપવામાં આવ્યા હતા. આ પૈકી મોટાભાગની શાળાઓમાં જરૂરી ફેરફાર થઈ ચૂક્યા છે. પરંતુ મનપા પાસે પૂરતો સ્ટાફ ન હોવાથી ઈન્સ્પેક્શન સહિતની કામગીરી પૂર્ણ કરી ગઘઈ આપવામાં સમય લાગે તેમ છે. આવા સંજોગોમાં તંત્રએ શાળા સંચાલકો કે પ્રિન્સિપાલની લેખિત ખાતરીને આધારે જ પ્રોવિઝનલ NOC આપવું જોઈએ. જેથી શાળાઓ શરૂ કરી શકાય.

વર્ષ ૨૦૧૯માં સુરતમાં તક્ષશિલાની દુર્ઘટના બન્યા બાદ રાજકોટની તમામ શાળાઓએ જરૂરી ફાયરની સલામતી માટેની તમામ વ્યવસ્થા કરેલી અને નિયમિતપણે ફાયર NOC, મોટાભાગની શાળાઓ દ્વારા રીન્યુ પણ કરાવવામાં આવે છે. પરંતુ રાજકોટના ગેમઝોનના બનાવ બાદ તંત્ર દ્વારા ફાયર સલામતીના કાયદાના અર્થઘટનમાં વિસંવાદિતા, અવ્યવહારુ પણ તેમજ જડતાના કારણે મોટાભાગની શાળાઓમાં સીલ લાગેલા છે. મોટાભાગની શાળાઓ દ્વારા ફાયરના ગઘઈ મેળવાયેલી છે. પરંતુ આ ઘટના બાદ તંત્ર દ્વારા થતા ઈન્સ્પેક્શનમાં NOCને અવગણી અને નવા કાયદા મુજબનું અર્થઘટન કરી અને સીલ મારવામાં આવે છે.

# ૧૧થી ૧૬ જૂન ગુજરાતમાં વરસાદી માહોલ

## સુરત, વડોદરા, અમરેલી અને ભાવનગર સહિતના જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા

ભારત હેડલાઇન, તા.૧૦

આજે અમદાવાદ અને ગાંધીનગર સહિતના જિલ્લામાં વરસાદની શક્યતા છે. ગુજરાતમાં ધીમે-ધીમે ચોમાસાનો માહોલ જોવા મળી રહ્યો છે. ગઈકાલે ગુજરાતના ૭૨ તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો હતો અને આજે પણ અમદાવાદ અને ગાંધીનગર સહિતના જિલ્લામાં વરસાદની શક્યતા છે. ત્યારે હવામાન વિભાગે આગાહી કરી છેકે, ૧૧થી ૧૬ જૂન દરમિયાન રાજ્યમાં વરસાદી માહોલ જોવા મળી શકે છે. સુરત, વડોદરા, અમરેલી અને ભાવનગર સહિતના જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

૧૧ જૂનના રોજ સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં છૂટાછવાયા સ્તળોએ ગાજવીજ સાથે હળવો વરસાદ થઇ શકે છે.

૧૨ અને ૧૩ જૂનના રોજ અમરેલી, ભાવનગર, સુરત, નર્મદા, તાપી, નવસારી, ડાંગ અને વલસાડમાં હળવો વરસાદ થઇ શકે છે.

૧૪ જૂનના રોજ ગીર સોમનાથ, ભાવનગર, અમરેલી, સુરત, નવસારી અને વલસાડમાં જ્યારે ૧૫ અને ૧૬ જૂનના રોજ અમરેલી, ગીર સોમનાથ, નવસારી અને વલસાડમાં વરસાદ થઇ શકે છે.

## સૌરાષ્ટ્રમાં સતત ત્રીજા દિવસે વરસાદી માહોલઃ અમરેલીના ગ્રામ્ય વિસ્તારમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ

ભારત હેડલાઇન, તા.૧૦

સૌરાષ્ટ્રમાં સતત ત્રીજા દિવસે વરસાદી માહોલ જોવા મળ્યો છે. રાજકોટ, અમરેલી, જૂનાગઢ અને ભાવનગર સહિતના જિલ્લાઓમાં ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. અમરેલી જિલ્લામાં રાજુલા, જાફરાબાદ અને સાવરકુંડલા પથંકમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે. વરસાદના પગલે ગરમીમાં રાહત થઇ છે. અમરેલી જિલ્લામાં સાવરકુંડલાના વીજપડી, રામગઢ, ઘાડલા, લુવારા ગામ અને તેની આસપાસના વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જાફરાબાદમાં દુધાળા અને તેની આસપાસના ગામડાઓમાં વરસાદી ઝાપટું વરસ્યું હતું. આ ઉપરાંત રાજુલા પંથકમાં ભારે પવન સાથે વરસાદ શરૂ થયો હતો. નવા આગરિયા, મોટા આગરિયા, ઝાપોદર, માંડરડી, ખાખબાઈ સહિતના ગામડાઓમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. રાજુલા



શહેરમાં પણ વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. ભારે પવન સાથે વરસાદ વરસવાથી અસહ્ય ગરમી અને બફારામાંથી ગ્રામજનો અને શહેરીજનોને રાહત મળી હતી. ભાવનગર જિલ્લો અને જૂનાગઢ જિલ્લામાં પણ ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી ઝાપટા વરસ્યા હતા. આ ઉપરાંત રાજકોટના જેતપુરમાં, વલસાડના કપરાડામાં, બોટાદના રાણપુરમાં વરસાદી ઝાપટા વરસ્યા હતા.

## રાવકી નજીક ગેસની લાઇન તૂટતાં ગેસ ગળતર

### રોડના કામ દરમિયાન અજાણ્યા વાહનચાલકે તોડી નાખી

ભારત હેડલાઇન, તા. ૧૦

શહેરની ભાગોળે રાવકી નજીક તરવડા જવાના માર્ગે આજે સવારે ગેસની લાઇન તૂટયા બાદ ગળતર ચાલું થયું હતું. જાગૃત નાગરીકની સજાગતાથી ફાયર બ્રિગેડે ઘટના સ્થળે પહોંચી ગેસ લાઇનમાંથી રીપેરીંગ વચ્ચે ગેસ ગળતર બંધ કરીને દુર્ઘટનાને રોકી હોવાનું જાણવા મળ્યુ છે. આ બાબતે મળતી વિગતો મુજબ આજે સવારે નવેક વાગ્યાની આસપાસ રાવકી ગામ નજીક, તરવડા જવાના રસ્તે જી.એસ.પી.સી.ની ગેસ લાઇનમાંથી ગળતર થતું જોવા મળતાં ઘનશ્યામભાઇ નામના જાગૃત નાગરીકે મવડી ફાયર સ્ટેશન પર જાણ કરી હતી. દરમિયાન મવડી ફાયર સ્ટેશનના પરેશ ચુડાસમા, અનિલ સોંલકી, પ્રકાશ રાઠોડ, તેમજ પ્રફુલભાઇ લખતરીયા ઘટના સ્થળે પહોંચી તપાસ કરતાં કોઇ અજાણ્યા વાહન દ્વારા રોડ કામ દરમિયાન ગેસની લાઇન તૂટી હોવાનું બહાર આવ્યું હતું. બીજીબાજુ આ બાબતે તાત્કાલિક જીએસપીસીના સંબંધિતોને ફાયર સ્ટાફે જાણ કરી ગેસ લાઇનનો વાલ્વલ બંધ કરાવવા ગેસ કંપનીના ટીમ લીડર સંજય પટેલે બાકીની કાર્યવાહી કરાવી ગેસ ગળતર અટકાવ્યું હતું. આમ, જાગૃત નાગરીકની સજાગતા અને ફાયર સ્ટાફની સમય સુચકતાથી કોઇ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા જ ગેસના લીકેઝિંગને બંધ કરી દેવાતા રસ્તે આવતા જતાં રાહદારીઓ, વાહન ચાલકોએ રાહત અનુભવી હતી.

### આવાસ રહેવા લાયક નહીં હોવાની કોર્પો., હા.બોર્ડ, PGVCLના અધિકારીઓ વચ્ચે ચર્ચા

## મનપા હાઉસિંગ બોર્ડના કવાર્ટરને સીલ મારશે, ડિમોલીશન નહીં કરે

ભારત હેડલાઇન, તા. ૧૦

શહેરના વોર્ડ નં. ૬માં દૂધસાગર રોડ પર હાઉસિંગ બોર્ડે ૪૦ વર્ષ પહેલા બનાવેલા અને ડેરીલેન્ડ કોલોની આકાશદીપ સોસાયટી તરીકે ઓળખાતા કવાર્ટર વર્ષોથી જર્જરીત હાલતમાં હોવા છતાં આજ સુધી હા.બોર્ડ કચેરી રીનોવેશન કરાવી શકી નથી.


રી-ટેન્ડર છતાં કોઇ એજન્સી કામ માટે તૈયાર ન હોય, આ વર્ષે આ જગ્યા ખાલી કરાવવા મહાપાલિકાએ જોખમી કવાર્ટર સીલ કરવા કાર્યવાહી શરૂ કરી છે. ગત સપ્તાહે આવા ૬૯૬ નબળા બાંધકામવાળા કવાર્ટરના નળ જોડાણ અને વીજ કનેકશન કાપવામાં આવ્યા છે. હાઉસિંગ બોર્ડે આપેલા રીપોર્ટના પગલે આ તમામ કવાર્ટર ખાલી કરવા હવે કાલે મંગળવાર સુધીની મુદ્દત આપવામાં આવી હોય, બેઘર થવાના ભયથી લોકો દોડાદોડી કરવા લાગ્યા છે.

ગત સપ્તાહે હાઉસિંગ બોર્ડ, પીજીવીસીએલ અને મનપા તંત્ર વચ્ચે બેઠક થઇ હતી જેમાં રી-ડેવલપમેન્ટનું આયોજન કયાં પહોંચ્યુ તેની વિગત મનપાએ બોર્ડના કાર્યપાલક ઇજનેરને પત્ર લખ્યો



છે. બીજી તરફ મહાપાલિકાના ઇજનેરોએ કોર્પોરેશન હાઉસિંગ બોર્ડના પત્ર પરથી જોખમી આવાસો ખાલી કરાવી માત્ર સીલ મારવાનું છે, ડિમોલીશન કરવાનું નથી કારણ કે આ કામ હા.બોર્ડનું છે તેમ કહ્યું છે.

ગઇકાલે જામનગરમાં પણ જર્જરીત આવાસ તોડવાનું ડિમોલીશન હાઉસિંગ બોર્ડના અધિકારીઓની ટીમે કર્યુ હતું. આમ છતાં આવતીકાલ મંગળવાર જોખમી આવાસો ખાલી કરાવીને સીલ મારવામાં આવશે તેવું તો કોર્પોરેશને જાહેર કર્યુ છે.



# ત્રીજી વખત વડાપ્રધાન બનતાં જ મોદીએ લીધો પ્રથમ નિર્ણય, 9.3 કરોડ ખેડૂતોને મળશે ફાયદો

ભારત હેડલાઇન, તા.૧૦

સતત ત્રીજી વખત વડાપ્રધાન પદના શપથ લીધા બાદ પીએમ મોદીએ ખેડૂતો અંગે એક મોટો નિર્ણય લીધો છે. તેમણે સોમવારે ખેડૂત સન્માન નિધિનો હપ્તો જારી કરવાની ફાઈલ પર હસ્તાક્ષર કરી દીધા છે. નવમી જૂને વડાપ્રધાન પદના શપથ લીધા બાદ આજે નરેન્દ્ર મોદીએ કાર્યાલય જઈને ચાર્જ સંભાળ્યો હતો. કાર્યાલયના પ્રથમ દિવસે જ પીએમ મોદીએ ખેડૂતોને કિસાન નિધિ હેઠળ આપવામાં આવતા નાણાં અંગે નિર્ણય લીધો હતો. કુલ ૯.૩ કરોડ લાભાર્થી ખેડૂતોને કુલ ૨૦ હજાર કરોડ રૂપિયાની વહેંચણી કરવામાં આવી છે.

પીએમ મોદીએ વડાપ્રધાન ખેડૂત સન્માન નિધિનો ૧૭ હપ્તો જારી કરવાની ફાઈલ પર હસ્તાક્ષર કરી દીધા. તેનાથી ૯.૩ ખેડૂતોને થશે લાભ અને લગભગ ૨૦૦૦૦ કરોડ રૂપિયાનું વિતરણ કરશે. ત્રીજા કાર્યકાળની શરૂઆત કરતાં પ્રથમ નિર્ણય લીધા બાદ વડાપ્રધાન મોદીએ કહ્યું કે અમારી સરકાર ખેડૂતોના કલ્યાણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. એટલા માટે સત્તામાં ફરી આવતા જ તેમના કલ્યાણ માટે પહેલો નિર્ણય કરી રહ્યા છીએ. આગામી સમયમાં પણ અમે ખેડૂતો અને ખેતી ક્ષેત્ર માટે વધુને વધુ કામ કરતા રહીશું. ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણીમાં ગઉઅની જીત બાદ નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન પદના શપથ લીધા છે. આ ઉપરાંત તેમની સાથે કેબિનેટ મંત્રી તરીકે ૩૦ સાંસદો અને રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) તરીકે પાંચ નેતાઓએ શપથગ્રહણ કર્યા છે. તેમજ મોદી ૩.૦માં રાજ્ય મંત્રી તરીકે ૩૬ નેતાઓનો સમાવેશ કરાયો છે. જવાહરલાલ નેહરુ બાદ નરેન્દ્ર મોદી દેશના એવા બીજા નેતા છે જે સતત ત્રીજી વખત આ જવાબદારી મળી છે. દેશની નવી સરકારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત કુલ ૩૧ કેન્દ્રીય મંત્રી, પાંચ રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને ૩૬ રાજ્ય કક્ષાના મંત્રી સામેલ કરાયા છે.

# ઉત્તર પ્રદેશમાં ચાર જ દિવસમાં ૧૬ એન્કાઉન્ટરમાં બે વોન્ટેડ ઠાર

- એન્કાઉન્ટરમાં ૧૪ ગુનેગારો ઘાયલ, રાજ્યના વિવિધ જિલ્લામાં ૬૧ પોલીસ કર્મચારી સસ્પેન્ડ : પોલીસમાં પ્રમોશન્સના પણ આદેશ



ભારત હેડલાઇન, તા.૧૦

દેશભરમાં લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી હવે ચૂંટણી આચારસંહિતા દૂર થઈ ગઈ છે ત્યારે ઉત્તર પ્રદેશમાં યોગી સરકાર એક્શનમાં આવી ગઈ છે. ઉત્તર પ્રદેશ પોલીસે ઓપરેશન ક્લિન હેઠળ એન્કાઉન્ટર મારફત ગૂનેગારોની ધરપકડ શરૂ કરી દીધી છે. આ ક્રમમાં ઉત્તર પ્રદેશ પોલીસે છેલ્લા ચાર જ દિવસમાં ૧૬ એન્કાઉન્ટર કર્યા છે, જેમાં બે ગુનેગારોએ જીવ ગુમાવ્યા છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લોકસભા ચૂંટણીની આદર્શ આચાર સંહિતા દૂર થયા પછી તમામ વિભાગોના કામકાજમાં ગતિ લાવવાનો આદેશ આપ્યો છે. તેની અસર જોવા પણ મળી રહી છે. છેલ્લા ચાર દિવસમાં પોલીસ વિભાગે એન્કાઉન્ટર કરીને અસામાજિક તત્વો પર કાર્યવાહી કરવાનું શરૂ કરી દીધું છે. ગુંડાઓ સાથેની અથડામણની ૧૬ ઘટનાઓમાં બે ગુંડા માર્યા ગયા છે તેમજ અન્ય ૧૪ ઘાયલ થયા છે, જેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

ડીજીપી મુખ્યાલયના નિર્દેશ પર વિવિધ જિલ્લામાં કુલ ૬૧ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવાયા છે અથવા તેમને લાઈન હાજર કરી દેવાયા છે. આ સાથે જ વિભાગમાં પ્રમોશન્સના આદેશ પણ આપી દેવાયા છે. પોલીસ વિભાગે ૫૩ અપર પોલીસ સુપરીન્ટેન્ડેન્ટ (એએસપી)ને વરિષ્ઠ વેતનમાનમાં બઢતી આપવાનો આદેશ આપ્યો છે. બીજીબાજુ ડીજીપી મુખ્યાલયે ૬૪૩ હેડ કોન્સ્ટેબલને સબ ઈન્સ્પેક્ટર પદ પર પ્રમોટ કરવાનો આદેશ આપ્યો છે. પોલીસે એન્કાઉન્ટરમાં બિહારના એક કુખ્યાત વોન્ટેડ ગુનેગાર નિતેશ રાયને ઠાર કર્યો છે. નિલેશ રાય પર બિહારમાં રૂ. ૨.૨૫ લાખનું ઈનામ જાહેર કરાયું હતું. તે બિહારના બેગુસરાયનો રહેવાસી હતો. વધુમાં જૌનપુર પોલીસે રૂ. ૧ લાખનું ઈનામ ધરાવતા વોન્ટેડ પ્રશાંત સિંહ ઉર્ફે પ્રિન્સને જિલ્લાના ખેતસરાય પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક અથડામણમાં ઠાર કર્યો હતો. તે ૭ વર્ષથી ભાગેડૂ હતો.



દિલ્હી જળ સંકટ પર સુનાવણી ૧૨ જૂન સુધી ટળી

# સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકારને ફટકાર લગાવી, કહ્યું- કોર્ટની કાર્યવાહીને હળવાશથી ન લો

ભારત હેડલાઇન, તા.૧૦

દિલ્હી જળ સંકટને લઈને સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ૧૨ જૂન સુધી ટાળી દેવામાં આવી છે. સોમવારે કોર્ટે અરજીમાં રહેલી ખામીઓને દૂર ન કરવા બદલ દિલ્હી સરકારને ફટકાર લગાવી હતી. કોર્ટે કહ્યું- કોર્ટના પગલાંને હળવાશથી ન લો. જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને જસ્ટિસ પ્રસન્ના બી વરાલેની વેકેશન બેંચે કહ્યું કે દિલ્હી સરકારની અરજીમાં ખામીને કારણે રજિસ્ટ્રીમાં એફિડેવિટ સ્વીકારવામાં આવી રહ્યાં નથી. કોર્ટે દિલ્હી સરકારના વકીલને પૂછ્યું કે, તમે અરજીમાંની ભૂલો કેમ ન સુધારી? અમે અરજી ફગાવી દઈશું. છેલ્લી સુનાવણી દરમિયાન આ તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું અને તમે ખામી સુધારી નથી. કોર્ટે કહ્યું કે તમારો કેસ ગમે તેટલો મહત્ત્વપૂર્ણ હોય, કોર્ટના પગલાને હળવાશથી ન લો. તમે સીધા જ કોર્ટમાં ઘણા બધા દસ્તાવેજો સબમિટ કરો છો અને પછી કહો છો કે તમે પાણીની અછતથી પીડિત છો અને આશા રાખો છો કે આજે જ ઓર્ડર પસાર થઈ જશે. તમે ઈમરજન્સીની વાત કરો છો અને તમે પોતે આરામથી બેઠા છો. બધું રેકોર્ડ પર રહેવા દો. હવે અમે ૧૨ જૂને કેસની સુનાવણી કરીશું.

# ચારધામ યાત્રાનું પેકેજ આપી ૬.૬૭ લાખ રૂપિયા ઓનલાઈન પડાવી લીધા

- સાયબર ક્રાઈમ પોલીસે ફરિયાદ આધારે યુપીના શખસને દબોચી લીધો

ભારત હેડલાઇન, તા.૧૦

રાજકોટમાં યાત્રાનાં નામે છેતરપિંડી થયાનો કિસ્સો પોલીસ ચોપડે નોંધાયો છે જેમાં ઉત્તરાખંડ રાજ્ય ખાતે ચારધામ યાત્રાના પેકેજના નામે ઓનલાઈન રૂ. ૬,૬૬,૯૯૯ પડાવી લઈ ફ્રોડ થયાની ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ પોલીસે આરોપી પ્રવીણકુમાર રામકુમાર શર્માને ઉત્તરપ્રદેશનાં મુઝફ્ફરનગર ખાતેથી ઝડપી લઈ રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ પ્રવીણકુમારે અતિથી ટ્રીપ હોલીડેઝ નામની ટુર્સ કંપનીનાં નામે ઓનલાઈન ખોટી જાહેરાત મૂકી હતી. ફરિયાદીને ચારધામ યાત્રા આપવાનું જણાવી વિશ્વાસમાં લઈ કુલ રૂ. ૬,૬૬,૯૯૯ પડાવી લઈ ફરિયાદીને કોઈ પેકેજ આપ્યું નહોતું. સમગ્ર મામલે ભોગ બનનારે સાયબર




ક્રાઈમ પોલીસમાં આ અંગેની ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ પોલીસે બેંક એકાઉન્ટનાં આધારે તપાસ હાથ ધરી હતી સાયબર ક્રાઈમ પોલીસે આરોપીનાં બેંક ખાતાની વિગત તથા મોબાઈલ નંબરનાં એસ.ડી.આરની વિગત મંગાવતા ફ્રોડિયાનું નામ પ્રવિણકુમાર રામકુમાર શર્મા હોવાનું જાણવા મળ્યું હતું. તેમજ સરનામું હરીદ્વાર ઉતરાખંડનું હતું. જોકે, પ્રવીણકુમાર શર્માએ પોતાનો મોબાઈલ બંધ કરી દીધો હતો. જેને પગલે ટેકનિકલ એનાલીસીસ કરી આરોપીને ઉત્તર પ્રદેશનાં મુઝફ્ફરનગર ખાતેથી શોધી ધરપકડ કરી છે.

# બે દિવસમાં ૨૬૧ ધંધાર્થી પાસેથી ૨૦ કિલો ઝબલાં જપ્ત કરતું કોર્પો.

- જાહેરમાં ગંદકી કરતા આસામીઓ પાસેથી રૂા.૭૦ હજારના દંડની વસુલાત



ભારત હેડલાઇન, તા.૧૦

તા. ૭ થી ૯ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૨૬૧ આસામીઓ પાસેથી ૨૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૬૯૯૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૯૪ આસામીઓ પાસેથી ૬.૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી રૂ. ૨૦૭૫૦નો વહીવટી ચાર્જ, વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પરથી ૧૧૦ આસામીઓ પાસેથી ૧૧.૩૪ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૩૧૯૫૦નો વહીવટી ચાર્જ તથા ઈસ્ટ ઝોનમાં ૫૭ આસામીઓ પાસેથી અઢી કિલો પ્લાસ્ટીક જપ્ત કરી રૂ.૧૭૨૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. આ કામગીરી કમિશ્નરની સુચના અને ડે.કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ વિભાગની ટીમ કરી રહી છે.

# યુવકનું અપહરણ કરી ઢોર માર મારનાર ટ્રાન્સપોર્ટર સહિત ચાર સામે ફરિયાદ

- રસ્તામાં આંતરી કારમાં બેસાડી સોખડા ઓફિસે લઈ જઈ મારકૂટ કર્યાનો ગુનો

ભારત હેડલાઇન, તા.૧૦

શહેરના ગંજીવાડામાં રહેતા અને ટ્રક ચલાવતા મંગેશભાઈ જેરામભાઈ વાળાએ ઋષિરાજસિંહ સજનસિંહ જાડેજા, યોગી, મનો, સરમણ સહિતના સામે કુવાડવા રોડ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, બે વર્ષ પહેલાં માર્કેટિંગ યાર્ડ પાસે તેને ભાગીદાર મહેબૂબભાઈ કાદરીએ ઓફિસ બંધ કરી બન્નેએ ઋષિરાજસિંહ સજનસિંહ જાડેજાના ટ્રાન્સપોર્ટનું કામ ચાલુ કરેલ જેથી તેની સાથે પરિચય થયો હતો. અને તે હાલ સોખડા ચોકડી પાસે મારુતિ રોડલાઈન્સ નામે ટ્રાન્સપોર્ટ ચલાવતો હોય જેથી ત્યાં અમે કામ કરતા હોય જેથી ઋષિરાજસિંહ સાથે મનદુઃખ ચાલતું હતું તા.૮ના સાંજે તેના મિત્રો અમનભાઈ ખટાણા અને વિક્રમભાઈ ડાંગર સાથે સમાધાન કરવા સોખડા ખાતે ઓફિસે ગયા હતા ત્યાં ઋષિરાજ, નવાગામમાં રહેતો મુન્નાભાઈ અને યોગીભાઈ હાજર હોય અને વાતચીત કરી હતી ત્યાર બાદ તેના મિત્ર સરમણભાઈ મેર કાર લઈને આવી ગાળો દેવા લાગતાં મંગેશભાઈએ સમાધાન માટે આવ્યાની વાત કરી હતી અને ત્યાંથી નીકળી ગયા હતા અને રિક્ષામાં બેસી ઘેર જતો હતો ત્યારે રસ્તામાં આંતરી ઋષિરાજ સહિતે તેની કારમાં બેસાડી સોખડા ખાતે તેની ઓફિસે લઈ આવી ધોકા વડે બે ફામ મારકૂટ કરી હતી તેના મિત્રોએ છોડાવી તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હોવાનું જણાવતા પીઆઇ રાઠોડ સહિતે અપહરણ સહિતનો ગુનો નોંધી આરોપીઓની શોધખોળ કરી હતી.

# રાજકોટમાં ભાઈના લગ્નની ચિંતામાં બહેનનો ગળાફાંસો ખાઈ આપઘાત

ભારત હેડલાઇન, તા.૧૦

શહેરના આંબેડકરનગરમાં રહેતી મોનિકાબેન કરશનભાઇ ભોજાણી ઉ.૨૩એ પોતાના ઘરે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતા થોરાળા પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક પાંચ બહેન અને એક ભાઈમા નાની હતી મોટાભાઈના લગ્ન થતા ન હોય તેની ચિંતામાં પગલું ભરી લીધાનું તપાસમાં બહાર આવતા



પોલીસે વધુ કાર્યવાહી કરી હતી જ્યારે બીજા બનાવમાં કોઠારિયા રોડ પર ભવનાથ પાર્કમાં રહેતા મયૂરભાઈ રસિકભાઈ ખૂંટ ઉ.૩૬એ પંખામાં સાલ બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતા ભક્તિનગર પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો પ્રાથમિક તપાસમાં પોતાના રૂમમાં આ પગલું ભરી લીધું હોય પત્નીએ જોઈ જતાં દેકારો કરતા પરિવાર તેમજ પાડોશી સહિતના દોડી આવ્યા હતા અને યુવકને ઉતારી સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો પરંતુ સારવાર મળે તે પહેલાં જ મોત નીપજ્યું હતું પોલીસે કારણ જાણવા તપાસ યથાવત રાખી છે.

# રાજકોટમાંથી કારખાનેદાર પત્ની અને પુત્ર સાથે ૨૮ દિવસથી લાપતા

રાજકોટનાં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ઉમિયા ચોકમાં રહેતો કારખાનેદાર તેના પત્ની અને પુત્ર સાથે છેલ્લા ૨૮ દિવસથી ઘર છોડી ભેદી રીતે લાપતા થઇ જતાં પિતાએ પોલીસને જાણ કરી છે. કારખાનેદારનાં લેણીયાતો ઘરે આવતા હોવાનું પિતાએ પોલીસને જણાવતા દેણું થઈ ગયાની શંકા વ્યક્ત કરાઇ છે પોલીસે ત્રણેયની ભાળ મેળવવા કોલ ડિટેઈલ સહિતના આધારે શોધખોળ હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર રાજકોટ ઉમિયા ચોકની વૈકુંઠધામ સોસાયટીમાં રહેતા અને કાંગશીયાળીમાં સબમર્શીબલ પાટર્સનું કારખાનું ધરાવતા હરસુખભાઈ નાગજીભાઈ બુસા ઉ.૪૦ તા. ૧૪મેનાં રોજ પત્ની મનીષાબેન ઉ.૩૯ અને પુત્ર તીર્થ ઉ.૧૪ સાથે ઘરેથી નીકળી ગયા બાદ ભેદી રીતે લાપતા થઈ ગયા છે દંપતિ અને પૂત્ર લાપતા થઈ જતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. આ દરમિયાન ઘરે લેણિયાત પહોચતા દેણું વધી જતા ત્રણેય ઘર છોડીને જતા રહ્યા હોય તેવી શંકાએ કાલાવડના મોટાવડાળા ગામે રહેતા હરસુખભાઈના પિતા નાગજીભાઈ બુસાએ માલવિયાનગર પોલીસમાં પુત્ર, પુત્રવધુ અને પૌત્ર ગૂમ થયાની જાણ કરી હતી હાલ માલવિયાનગર પીઆઇ જીગ્નેશ દેસાઇ સહિતે કોલ ડિટેલ આધારે તપાસ શરૂ કરી છે.

# TRP ગેમ ઝોન અગ્નિકાંડઃ ૧૫મીએ સીપીને ઘેરાવ, ૨૫મીએ રાજકોટ બંધ

- પીડિતોને ન્યાય અપાવવા માટે કોંગ્રેસે શરૂ કરેલા ત્રણ દિવસના ઉપવાસ પૂર્ણ, આક્રમક લડતની જાહેરાત
- આ મુદ્દે ક્યારેય સમાધાન નહીં, જીવનના અંત સુધી લડત આપીશ; જીજ્ઞેશ મેવાણી




ભારત હેડલાઇન, તા.૧૦

રાજકોટમાં ગત તારીખ ૨૫ મેના રોજ નાનામવામાં આવેલ ઝઝ્ઝ ગેમઝોનમાં લાગેલી આગમાં ૨૭ લોકોના મોત થયા બાદ યોગ્ય કાર્યવાહી નહીં થયાનું જણાવીને ન્યાયની માગણી સાથે શહેરના ત્રિકોણબાગ ખાતે છાવણી નાખીને ૭૨ કલાકનું ઉપવાસ આંદોલન કરનાર કોંગ્રેસે ગઈકાલે ઉપવાસ પૂર્ણ કર્યા હતા. આ પછી જણાવ્યું હતું કે, સરકાર કડક પગલા લઈ શકી નથી. અનેક લોકોને હાલ છાવરવામાં આવી રહ્યા છે. લડત ચાલુ રાખવા નિર્ધાર કર્યો છે. આગામી તારીખ ૧૫ના પોલીસ કમિશનરને ઘેરાવ કરાશે અને તારીખ ૨૫એ દૂર્ઘટનાની પ્રથમ પુણ્યતિથિએ રાજકોટ બંધનું એલાન આપવામાં આવશે. રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીની યાદી મુજબ રાજકોટ ખાતે બનેલા ભયાનક અગ્નિકાંડમાં અનેક નિર્દોષની જીંદગી હોમાઈ ગઈ છે. અગાઉના અગ્નિકાંડ અને ગોઝારી ઘટનાઓમાં પીડિતોને ન્યાય મળેલ ન હોવાથી રાજકોટમાં ટીઆરપી ગેમ્સ ઝોનમાં પીડિત પરિવારોને ન્યાય અપાવવા માટે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ અને રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વિવિધ માગણીઓ સબબ રાજકોટ ખાતેના ઐતિહાસિક ત્રિકોણબાગ ખાતે તારીખ ૭ ૮ અને ૯ ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો ધરણાના અંતિમ દિવસે પારણા કરી લેવામાં આવતા ન્યાય માટે ની લડત ચાલુ રાખવામાં આવી છે અને સરકાર ની સામે હવે આક્રમક લડાઈ લડવાનો નિર્ધાર કરવામાં આવેલ છે. ધરણના અંતિમ દિવસે સેવા દરમિયાન રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષ વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, પાલભાઈ આંબલીયા દ્વારા ઉપવાસી છાવણીમાં જાહેરાત કરવામાં આવી હતી કે આગામી દિવસોમાં ન્યાયની લડત ચાલુ રાખવામાં આવશે અને દરેક વોર્ડમાં ન્યાયની લડત લઈ જવાશે તારીખ ૧૫ ના પોલીસ કમિશનરને ઘેરાવ તારીખ ૨૫ ના અગ્નિકાંડના મૃતકોની પ્રથમ માસિક પુણ્યતિથિ હોય જે પગલે રાજકોટ બંધનું એલાન આપવામાં આવ્યું હતું. ધરણાના અંતિમ દિવસે ત્રણ દિવસ ઉપવાસ કરનારા લાલજીભાઈ દેસાઈ જીગ્નેશભાઈ મેવાણી ગાયત્રીબા વાઘેલા મહેશભાઈ રાજપુત અને દીપ્તિબેન સોલંકી ને પીડિત પરિવારોના હસ્તે પારણા કરાવ્યા હતા. ત્રણેક દિવસમાં જુનાગઢ જામનગર, અમદાવાદ સહિતના જિલ્લાઓમાંથી આગેવાનોએ ઉપવાસી છાવણીની મુલાકાત લીધી હતી. અજોડ કરણી સેનાના રાજકોટના પ્રમુખ ક્રિપાલસિંહ ઝાલા, અક્ષીતસિહ જાડેજા, નવલસિંહ જાડેજા, તીર્થરાજ સિંહ ગોહિલ બ્રહ્મસેનાના અધ્યક્ષ દર્શિતભાઈ જાની, રુદ્ર શક્તિ મહિલા મંડળના માયાબા જાડેજા, ભાર્ગવીબા ગોહિલ, વિલાસબા સોઢા ગુજરાત ખેડૂત એસોસિયેશનના પ્રમુખ ભરતસિંહ ઝાલા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# નવી ફાયર NOC હવેથી ઓફલાઈન જ નીકળશે

- ઓનલાઈન પ્રક્રિયામાં ક્વેરી અને ડોક્યુમેન્ટ અપલોડમાં સમય લાગતો હોવાથી સરકારે સૂચના આપી




ભારત હેડલાઇન, તા.૧૦

ટીઆરપી ગેમઝોન દૂર્ઘટનાબાદ સરકારે ફાયર એનઓસી અને બીયુ સર્ટી મુદ્દે કડક ચેકીંગ કરવાની સૂચના આપી છે. જે અંતર્ગત મનપાના ફાયર વિભાગ દ્વારા શહેરભરમાં અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ ફાયર એનઓસી અને બીયુ વગરની મિલ્કતો સીલ કરી છે જેના લીધે નવી એનઓસી કઢાવવા માટે અરજદારોએ ઓનલાઈન અરજીઓ ધડાધડ કરવાનું ચાલુ કરતા ઓનલાઈન પ્રક્રિયામાં ક્વેરી અને ડોક્યુમેન્ટ અપલોડમાં સમય લાગતો હોય તેમજ ફાયર વિભાગ દ્વારા સ્થળ વેરીફીકેશન પણ ઑનલાઈન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કરવામાં આવતું હોય એનઓસી મળવામાં વિલમ થવાની સંભાવના ઉભી થતાં સરકારે હાલ પુરતું ઓનલાઈન નવી ફાયર એનઓસી પ્રકિયા બંધ કરી ફક્ત ઓફલાઈન જ ફાયર એનઓસી માટે ફાયર વિભાગનો સંપર્ક કરવાની સૂચના આપી છે. અગ્નિકાંડ બાદ મહાનગરપાલિકાના ટાઉનપ્લાનીંગ વિભાગ અને ફાયર વિભાગ દ્વારા શહેરભરની હોસ્પિટલો શાળા, કોલેજ, રેસ્ટોરન્ટ, હોટલ, કોમ્યુનિટિ હોલ તેમજ કોમર્શીયલ ઈમારત તેમજ રહેણાકની બિલ્ડીંગો સહિતના એકમો કે જેઓ પાસે ફાયર એનઓસી ન હોય અથવા ફાયર એનઓસી રિન્યુ ન થઈ હોય તેવા એકમો સીલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ એકમો સીલ કરી દેવાયા છે. પરિણામે અરજદારોએ ફાયર એનઓસી રિન્યુ માટે ઓનલાઈન થતીં કામગીરીમાં અરજીઓ કરવામાં આવી રહી છે.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડી૨–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# થાનગઢ વરિયા પ્રજાપતિ સમાજ દ્વારા યોજાયો વિદ્યાર્થી સન્માન સમારોહ





ભારત હેડલાઇન, તા.૧૦

સુરેન્દ્રનગરના થાનગઢ અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં વસતા સમગ્ર વરિયા પ્રજાપતિ સમાજના વિદ્યાર્થીઓના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષણએ સમાજની પ્રગતિનો પાયો છે એવી વિચારધારા ધરાવતા શ્રી વરિયા પ્રજાપતિ સમાજનો મુખ્ય ઉદ્દેશ શૈક્ષણિક વિકાસનો રહેવા પામ્યો છે. વર્ષ દરમિયાન વિદ્યાર્થી સન્માન સમારોહ, સામાન્ય જ્ઞાન પરીક્ષાનું આયોજન, રમત ગમત, મહેંદી, સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત નબળી સ્થિતિના વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરવી વિગેરે જેવા પ્રોત્સાહક અને પરિણામ લક્ષી કાર્યો થાનગઢના શ્રી વરિયા પ્રજાપતિ સમાજ દ્વારા હાથ ધરવામાં આવતા હોય છે.

આ માટે દાતાઓનો સહયોગ પણ પ્રાપ્ત થાય છે. સંસ્થાના સ્થાપના કાળથી પ્રત્યેક વર્ષે યોજાતો સન્માન સમારોહ આ વર્ષે ૧૮મો વિદ્યાર્થી સન્માન મહોત્સવ તા. ૦૮ના શનિવારે રાત્રે ૮-૦૦ કલાકે શ્રી ભોરણીયા રામીબેન ગોરધનભાઈ, શ્રી વરિયા પ્રજાપતિ સમાજની વાડી, સ્વ. રવજીભગત માર્ગ, થાનગઢ મુકામે યોજવામાં આવ્યો હતો. સુરેન્દ્રનગર જીલ્લાના વરિયા પ્રજાપતિ સમાજના વિધાર્થી મિત્રોમાં અભ્યાસ અંગે ઉત્સાહ પ્રેરવા અને સંગઠનની ભાવના અર્થે યોજાયેલ આ વિધાર્થી સન્માન અને ઈનામ વિતરણના કાર્યક્રભ પ્રસંગે થાનગઢના શ્રી સવજીભાઈ ગંગારામભાઈ નારણીયા મુખ્ય પ્રમુખપદે દીપ પ્રાગટ્ય કરી સમારોહનું ઉદ્દઘાટન ગુરૂશ્રી મેહુલદાસ બાપુ મહંતશ્રી હડમતીયા પ.પુ. જયરાજનાથબાપુ વાવડી (મોરબી)એ કર્યું હતું.

આ મહોત્સવને મુખ્ય મહેમાનો શ્રી અમરશીભાઈ રવજીભાઈ અંદોદરીયા (થાનગઢ), શ્રી ભાવેશભાઈ છગનભાઈ વામજા (મોરબી), શ્રી ભરતભાઈ બેચરભાઈ બરાસરા (વાંકાનેર), શ્રી પરસોતમભાઈ દેવજીભાઈ વાણેશીયા (રાજકોટ), શ્રી જગદીશભાઈ મલુભાઈ સખનપરા (ગોંડલ), સી એ. શ્રી કૃણાલભાઈ પ્રદીપભાઈ ભોરણીયા (મકનસર)એ ઉપસ્થિત રહીને શોભાવ્યો હતો. પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય પછી રમત ગમત સ્પર્ધા તથા જનરલ ઈનામ અપાયા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર મહાનુભાવોના હસ્તે સમાજના ૨૮૦ જેટલા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને દાતાઓ તથા શિક્ષણ સમિતિ તરફથી રોકડ પુરસ્કાર શિલ્ડ અને સન્માન પત્ર આપવામાં આવ્યા હતા. સમાજના હજારેક નાગરિકો ભરચક હાજરી વચ્ચે શ્રી વરિયા પ્રજાપતિ સમાજ થાનગઢના શ્રી કીરીટભાઈ મૈજડીયા, શ્રી સંદીપભાઇ અંદોદરીયા અને શ્રી ગુણવંતભાઈ વારનેશીયાએ કાર્યક્રમને સફળ બનાવવા માટે સૌનો આભાર માન્યો હતો.

### નેતૃત્વ કૌશલ્યો, ક્ષમતાઓ અને યોગ્યતાઓના સંવર્ધન માટે

## જીનીયસ સ્કૂલ દ્વારા વિવિધ વિભાગના વડાઓ માટે લિડરશીપ ડેવલપમેન્ટ કાર્યક્રમ યોજાયો

ભારત હેડલાઇન, તા.૧૦

જીનિયસ સ્કૂલમાં સંસ્થામાં વિવિધ વિભાગોના વડાઓ માટે નેતૃત્વ કૌશલ્યો, ક્ષમતાઓ અને યોગ્યતાઓના જ્ઞાન સંવર્ધન માટે લિડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તા સ્થાને ગાર્ડી વિદ્યાપીઠના અધ્યયન અને વિકાસ વિભાગના વડા બ્રીજ યાજ્ઞિકને આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વક્તા સ્થાને પધારેલા બ્રીજ યાજ્ઞિકે શિક્ષકોને ટીમના પ્રદર્શનને વેગ આપવા માટેની પદ્ધતિઓ, અસરકારક પ્રતિસાદ આપવા અને પ્રાપ્ત કરવા માટેની તકનીકો,



સ્થિતિસ્થાપકતા વિકસાવવા અને તેમની ઘણી ભૂમિકાઓનો લાભ લેવા માટેના સાધનો, વિશ્વાસ કેળવવા અને અધિકૃતતા સાથે આગળ વધવા માટેની કુશળતાઓ, ઈક્વિટી વધારવા, વિવિધતાને સક્રિય કરવા અને સર્વસમાવેશક રીતે નેતૃત્વ કરવાની રીતો, લીડર તરીકે અને ટીમ પ્લેયર તરીકે કોણ છે તે અંગે સ્પષ્ટ પરિપ્રેક્ષ્ય મેળવવાની કળા અને ટીમમાં કેવી રીતે વાતચીત કરવી જેવા વિવિધ વિષયો ઉપર દ્રષ્ટાંત સહ સમજાવ્યું હતું.

## સિવિલ હોસ્પિટલમાં મહિલા કર્મચારીને સસ્પેન્ડ કરાતા હડતાલઃ ડોક્ટરને પણ ફરજ મોકૂફ કરવા માંગ

ભારત હેડલાઇન, તા.૧૦

રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલ સતત વિવાદમાં રહેતી હોય છે. શનિવારે ડોકટરે મહિલા પ્યુનને માર માર્યો હોવાનો આક્ષેપ થયેલો. મહિલા પ્યુન હોસ્પિટલમાં દાખલ પણ થયા હતા. આ પછી ડોકટરોએ પણ મહિલા પ્યુને




ગેરવર્તન કરી માર માર્યો હોવાનો આરોપ લગાવ્યો હતો અને મહિલા પ્યુનને સસ્પેન્ડ કરવા સહિતની માંગ કરી હતી. જેમાં મહિલા પ્યુનને સસ્પેન્ડ કરાતા વર્ગ ૪ ના કર્મચારીઓ હડતાલ પર ઉતરી ગયા છે. તેઓની માંગ છે કે, જો મહિલા પ્યુનને સસ્પેન્ડ કર્યા તો ડોકટરે પણ માર માર્યો હોય તેને પણ સસ્પેન્ડ કરવામાં આવે. હાલ સિવિલ હોસ્પિટલમાં ભારે વિવાદ ચગ્યો છે.

# એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટના સિનિયર પી.એસ. જી.એ. અરોરાનો નિવૃત્તિ વિદાય સમારોહ યોજાયો



ભારત હેડલાઇન, તા.૧૦

એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટના સિનિયર પી.એસ. જી.એ. અરોરા નિવૃત્ત થતાં સ્ટેનોગ્રાફર્સ દ્વારા તા.૦૮-૦૬-૨૪ ના રોજ સાંજે મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે વિદાય સમારોહ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં શુભેચ્છકો ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમને સફળ બનાવવા હસમુખ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

# રાજકોટમાં છત્રસાલ ચબુતરાનો મંગલ પ્રારંભ

- ભાજપ ક્ષત્રિય મહિલા અગ્રણી આશાબા વાઘેલા, સોનલબેન સોમૈયા વિગેરે રહ્યાં ઉપસ્થિત




ભારત હેડલાઇન, તા.૧૦

રાજકોટમાં છત્રસાલ ચબુતરાનો મંગલ પ્રારંભ થયો હતો. આણંદ જિલ્લાના માંગરોલીથી કૃષ્ણ પ્રણામી મંદિરના આચાર્ય આંનદ મહારાજ તેમજ રાજકોટથી અરવિંદ મહારાજ તેમજ કિરીટ મહારાજ તેમજ સાંસદ ગોવિંદભાઈ, રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના મહિલા પ્રદેશ અધ્યક્ષ (કાર્યકારી) તેમજ ભારતીય જનતા પાર્ટીના ક્ષત્રિય મહિલા અગ્રણી આશાબા વાઘેલા, સોનલબેન સોમૈયા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ આશાબા વાઘેલા દ્વારા સંચાલક નિતેશભાઈ, જબરભા ગઢવી, ધીરુભાઈ, એએસઆઇ હરેશભાઈ, દિપકભાઈ ડાંગર તેમજ શાંતિભાઈ, રાજુભાઈ તેમજ છત્રસાલ યુવક મંડળને શુભકામના પાઠવી એમના આ કાર્યને બિરદાવ્યું હતું.

# યુવા સેના ટ્રસ્ટ દ્વારા સર્વજ્ઞાતિ સમુહલગ્ન સંપન્ન

- નિરાધાર ૧૧ દિકરીઓને ૧૫૫થી વધુ વસ્તુ કરીયાવર રૂપે ભેટ આપવામાં આવી



ભારત હેડલાઇન, તા.૧૦

યુવા સેના ટ્રસ્ટ રાજકોટના પ્રમુખ પ્રદ્યુમનસિંહના જન્મદિન નિમીતે તા. ૮ ના રોજ સમાજની નિરાધાર અનાથ દિકરીઓને જાતિ-જ્ઞાતિના ભેદભાવ વિના ૧૧ દિકરીઓને પિતાતુલ્ય વાત્સલ્ય તેમજ ૧૫૫ થી વધુ વસ્તુ કરીયાવર રૂપે ભેટ આપી ૧૧ કન્યાઓને વિદાય આપવામાં આવી હતી. આવા અતિ મોંઘવારીના સમયમાં દિકરીઓને પરણાવવી ગરીબ પરિવારો માટે અતિ મુશ્કેલ અને કઠીન છે. આવા સમયમાં યુવા સેના ટ્રસ્ટ દ્વારા અનાથ દિકરીઓને દર વર્ષે સમુહલગ્નનું આયોજન કરવામા આવે છે. તેમજ દિકરીના માતા અથવા પિતા હયાત નથી તેવી દિકરીઓને લગ્ન કરી આપવામા આવે છે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા તેમજ જગન્નાથ મંદિર ખોડીયાર ધામ નાના મૌવાના મહંત ત્યાગી મનમોહનદાસ તેમજ નકલંક ધામ દેવગામના મહંત અરજણભગત તેમજ નામી અનામી દાતાઓ હાજર રહેલ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા રાજકોટની મહિલા પાંખ તેમજ યુવા સેના ટ્રસ્ટના મેમ્બરોએ ખુબ જ જહેમત ઉઠાવેલ હતી. ટ્રસ્ટના પ્રમુખએ તમામનો આભાર વ્યક્ત કર્યો હતો અને ભવિષ્યમાં પણ બધાનો સાથ સહકાર મળતો રહેશે એવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

# રાજકોટ જિ.પં.ની કોલીથળ સિટ ઉપર ભાજપને લીડ આપવા બદલ મતદારોનો સદસ્ય સહદેવસિંહ જાડેજા દ્વારા મનાયો આભાર

ભારત હેડલાઇન, તા.૧૦

પોરબંદર સંસદીય મત વિસ્તારમાં ભાજપના ઉમેદવાર ડો. મનસુખભાઈ માંડવીયાને રાજકોટ જિલ્લા પંચાયતની કોલીથળ (ગોંડલ તાલુકો) સીટ ઉપર અભૂતપૂર્વ લીડ આપવા બદલ તમામ



જ્ઞાતિના ભાજપના સમર્પિત મતદારોનો આ સીટના સદસ્ય સહદેવસિંહ જાડેજા પૂર્વક કારોબારી ચેરમેનએ હૃદયથી આભાર માનેલ હતો. આ સીટના મત ક્ષેત્રમાં આંબરડી કોલિથડ દાળિયા શેમડા તાલુકા પંચાયતની સીટના ભાજપના સંગઠનના હોદ્દેદારો તમામ જ્ઞાતિના આગેવાનો કે જેમણે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ નીચે વિકાસની હારમાળા ભરી વિશ્વગુરુ તરીકે આગળ વધવા વિશ્વાસ વ્યક્ત કરી ભાજપ તરફે મતદાન કરેલ છે. કોલીથડ જિલ્લા પંચાયતની સીટ ઉપર પાટીદાર ક્ષત્રીય મતદારો ઉપરાંત દલિત ભરવાડ મુસ્લિમ સહિતના તમામ જ્ઞાતિએ એક સંપ થઈ ભાજપ તરફી મતદાન કરેલ છે. આ સીટ ઉપર જિલ્લા પંચાયતના સદસ્ય તરીકે સહદેવસિંહ જાડેજાએ ક્ષત્રિય આંદોલનને અગ્રતા ન આપતા રાષ્ટ્ર રાષ્ટ્રપ્રેમ વિકાસ અને ભવિષ્યને ધ્યાનમાં રાખેલ દેશ હિતમાં મતદારોને ભાજપ તરફી મતદાન કરવા પ્રેરણા આપેલ છે. સમગ્ર ચૂંટણી દરમિયાન ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા તેમજ એમના પરિવાર તેમજ ગોંડલ નાગરિક બેંકના ચેરમેન અશોકભાઈ પીપળીયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા ભાજપ અગ્રણી મનોજભાઈ અકબરી તેમજ કાર્યકર્તા દ્વારા બુથ લેવલે માઇક્રો પ્લાનિંગ કરી આ જિલ્લા પંચાયત સીટ ૧૦,૧૦૦ ની જંગી લીડ મળેલ છે. જે પોરબંદર લોકસભાની સીટમાં આવતી જિલ્લા પંચાયતની સીટો માંથી સૌથી શ્રેષ્ઠ પરિણામ આપવામાં આવેલું છે.

# રાજકોટમાં રિસામણે રહેતી પરિણીતાનો ફાંસો ખાઈ આપઘાત

- સુરેન્દ્રનગર રહેતા પતિને પર સ્ત્રી સાથે લફરું હોવાનો આક્ષેપ

ભારત હેડલાઇન, તા.૧૦

શહેરના કાલાવડ રોડ પર લક્ષ્મીના ઢોળે માવતરના ઘરે છેલ્લા પાંચ મહિનાથી રહેતી છાયા ધમેન્દ્ર સોરઠીયા ઉ.૨૪ નામની પરિણીતાએ ઘરે ઘઉંમા નાખવાના ટીકડી પી લેતા તેણીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાઇ હતી પરંતુ સારવાર દરમ્યાન મોત નિપજયુ હતું, બનાવની જાણ થતા યુનિવર્સિટી પોલીસ મથકના પીએસઆઈ દિલીપભાઈ રત્નુ સહિતનો સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો પોલીસની પ્રાથમીક તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે મૃતક છાંયાના બે વર્ષ પહેલા સુરેન્દ્રનગરના ધમેન્દ્ર સોરઠીયા સાથે લગ્ન થયા હતા લગ્નબાદ પતિ ધમેન્દ્રને અન્ય સ્ત્રી સાથે લફરૂ હોઇ અને તેને એક સંતાન પણ હોવાની ખબર પડતા પરિણીતાએ આ અંતિમ પગલુ ભર્યુ હોવાનો પરિવારજનોએ આક્ષેપ કરતાં પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.